# જનઆરોગ્ય સંવર્ધન માટે થઈ રહેલા વિવિધ પ્રયાસ

## કાતિલ ઠંડી સહન કરી રહેલ ગરીબ લોકોને ધાબળાનું વિતરણ કર્યું

**સહરસા (બિહાર)**

શિવપુરી, મહિલા મંડળે કાતિલ ઠંડીથી ઠરી રહેલ અપંગ, ગરીબ તથા બેસહારાઓને ઠંડથી બચાવવા માટે ધાબળા વિતરણ કર્યું. તેમણે સતરકટૈયા તાલુકાની અંતર્ગત બિહરા ગ્રામ પંચાયતમાં આ ધાબળાનું વિતરણ કરવામાં આવ્યું. બહેનોએ લાભાર્થી ગરીબોને વ્યસન છોડવા અને પોતાના પિતૃઓની સ્મૃતિમાં એક-એક વૃક્ષ લગાવવા માટે પ્રેરિત કર્યા. મહિલા મંડળની કાર્યવાહક ચંદાદેવીની સાથે તમામ સભ્યો સુશીલા દેવી, બબીતા દેવી, બેબી કુમારી, નીતા ભારતી, રેખા દેવી, નીલમ ભગત, ઉષા ભગત, અનામિકા દેવી વગેરેએ ધાબળા વિતરણ કાર્યમાં ભાગ લીધો.



મહિલા મંડળની સેવાઓનો લાભ લેવાવાળા ગરીબ લોકો

## ન્યાયમૂર્તિની પ્રેરણાથી શિક્ષકોએ વ્યસન છોડ્યુ

**બયાના-ભરતપુર (રાજસ્થાન)**

વર્ષ-૨૦૦૭ના છેલ્લા દિવસે શ્રી સતીશ કૌશિક-એડિશનલ મુખ્ય ન્યાયિક મેજીસ્ટ્રેટે સ્થાનીય શિક્ષકોને સંબોધિત કરતાં એમાંથી ૫૦ લોકોને વ્યસનમુક્તિના સંકલ્પ લેવડાવવામાં સફળતા મેળવી. તેઓ ડી.પી. ઈ.પી.દ્વારા રમત કરવાને ખતરનાક બતાવ્યા. શિક્ષકોને પોતાની ભૂલનો અહેસાસ થયો અને ત્યાં જ પોતાની બીડી, સિગરેટ, ગુટકા વગેરે છોડવા અને ફેંકીને આ ભૂલને ફરી ન કરવા સંકલ્પો લીધા. શિક્ષકોએ કહ્યું કે તેઓ નવા વર્ષમાં પોતાના કર્તવ્યનું જવાબદારીથી પાલન કરશે. આ અવસર



શિક્ષકોને સંબોધિત કરી રહેલ એડિશનલ મુખ્ય ન્યાયિક મેજીસ્ટ્રેટ શ્રી સતીશ કૌશિકજી

યોજાયેલ પ્રશિક્ષણ શિબિરમાં બોલી રહ્યા હતા. જજ સાહેબે ગુરુજનોને એમની નૈતિક જવાબદારીની યાદ અપાવતા બાળ ચરિત્રની સાથે પર શ્રી જયપ્રકાશ પાઠકે યુગઋષિના અભિયાનમાં અનન્ય નિષ્ઠા રાખનારા જજ સાહેબને સાફો બાંધીને સન્માનિત કર્યા.

## નિષ્ણાત ચિકિત્સકોએ સેવા કરી અને શ્રેષ્ઠ આરોગ્યના ઉપાય બતાવ્યા

**પટના (બિહાર)**

આંચલિક કેન્દ્ર પટનાએ તા-૧૬ ડિસેમ્બરના દિવસે ૧૫ ચિકિત્સકોની સેવાઓ મેળવતા ચિકિત્સા શિબિર લગાવીને ૨૦૦ લોકોને નિ:શુલ્ક સ્વાસ્થ પરીક્ષણ કર્યું. રાજ્યની રાજધાનીના પ્રસિદ્ધ મનોચિકિત્સક ડૉ.શૈલેન્દ્ર કુમાર 'અથર્વ', જી.ડી.મેમોરિયલ કૉલેજની ડૉ. મુક્તામાલા પાંડે, મગધ હૉસ્પિટલના નિર્દેશક તથા હૃદયરોગ વિશેષજ્ઞ ડૉ.સંજીવ,ઈ.એન.ટી.વિશેષજ્ઞ ડૉ.સત્યેન્દ્ર શર્મા, યૂનાની ચિકિત્સક ડૉ.અશફાક અહમદ સહિત પ્રખ્યાત ચિકિત્સકોએ દરદીઓના નિદાન તથા ઉપચારની સાથે આરોગ્ય સંબંધી બહુમુલ્ય વાતો પણ સમજાવી.

ડૉ.શૈલેન્દ્ર કુમાર 'અથર્વ'એ લોકોને ઓછામાં ઓછા ૧૫ મિનિટ નિયમિત રૂપથી પ્રજ્ઞા અભિયાનનો યોગ-વ્યાયામ કરવાની સલાહ આપી. તેમણે કહ્યું કે શારીરિક શ્રમ તથા વ્યાયામના અભાવમાં જ ડાયાબિટીસ તથા બીપીની બિમારી ઝડપથી વધી રહી છે, જે વ્યક્તિના સમગ્ર સ્વાસ્થ્યને નષ્ટ કરતી રહે છે.

ડૉ.મુક્તામાલા પાંડેએ નવા-જૂના રોગીઓને હોમ્યોપૈથિક ચિકિત્સા પદ્ધતિ અપનાવવાની પ્રેરણા આપી, જે આજે પણ સૌથી વધારે સસ્તી છે. ડૉ.સંજીવે પરમ પૂજ્ય ગુરુદેવના સાહિત્યના સ્વાધ્યાયને તણાવ મુક્તિનો સર્વસુલભ ઉપાય બતાવ્યો અને સમતોલિત ભોજનની પ્રેરણા આપી.

## જૌનપુર જિલ્લામાં અધ્યાત્મ-આસ્થાની લહેર

**જૌનપુર (ઉત્તરપ્રદેશ)**

૨૦મી સદીમાં વિજ્ઞાને ઝડપથી થઈ રહેલ વિકાસના કારણે આજે આપણે એક વિશાળ મેદાનમાં યોજાયેલ ૨૫૧ કુંડી ગાયત્રી મહાયજ્ઞમાં દીપયજ્ઞના અવસર પર વિશાળ જનમેદનીને સંબોધિત કરી રહ્યા હતા. આ પ્રકાશ શ્રીવાસ્તવ, શ્રીમતી મીનાસિંહ, ઈંદૂ રાય, સાવિત્રી સિંહ વગેરે ગાયત્રી પરિવારના પ્રમુખ પરિજનોએ આ વિશાળ મહાયજ્ઞની





પોતાની ધર્મપત્ની સાથે યજ્ઞ કરી રહેલ નગર પાલિકા અધ્યક્ષ શ્રી ટંડનજી તથા ઉદ્બોધન આપી રહેલ આદરણીય ડૉ.સાહેબ

ચમત્કારીક દુનિયામાં રહી રહ્યા છીએ, પરંતુ એ જ વિજ્ઞાને અનાસ્થાનો જન્મ આપીને આ ધરતી અને માનવ જીવનના અસ્તિત્વને ખતરામાં નાખી દીધો છે. આજે સંસારમાં જીવ-જંતુઓની ન જાણે કેટલી પ્રજાતિઓ લગભગ સમાપ્ત થવા જઈ રહી છે. આત્મીક અનુશાસનનો અસ્વિકાર કરતા જઈ રહેલ મનુષ્ય સ્વાર્થના કારણે સંસારમાં એ સ્વયં પણ કદમ-કદમ પર ખતરાથી ઘેરાતો જઈ રહ્યો છે. આસ્થા સંકટ આજનું સૌથી મોટું સંકટ છે. સંસારની તમામ સમસ્યાઓનું સમાધાન સરકાર તથા કાનૂનથી નહીં, વ્યક્તિમાં માનવીય મૂલ્યો પ્રત્યે આસ્થા અને ભાવ સંવેદના જગાડીને જ કરી શકાય છે.

જૌનપુરના જનમાનસને ગાયત્રી તથા યજ્ઞના ઉપાસક બનીને નવા યુગના નિર્માણમાં સક્રિય ભાગીદારી કરવા આવાહન કરતાં આદરણીય ડૉ.પ્રણવ પંડ્યાજીએ ઉપરોક્ત ઉદ્ગાર વ્યક્ત કર્યા. તેઓ જૌનપુરમાં પીલી કોઠી પર આવેલ ટી.ડી.કૉલેજના પ્રાંગણમાં ૩૦ એકરના અવસર પર તેમને દીપકને અધ્યાત્મનું પ્રતીક બતાવતાં એની જેમ પરમાર્થ પરાયણ તથા આશાવાદી જીવન જીવવાની પ્રેરણા લોકોને આપી. તેમણે ગાયત્રી પરિવારની વિસ્તાર પ્રક્રિયા પર પ્રકાશ ફેંકતાં કહ્યું કે સદ્જ્ઞાન અને સત્કર્મ ગાયત્રી તથા યજ્ઞનું સ્વરૂપ છે, જેને ધર્મ-સંપ્રદાયની માન્યતાઓથી ઉપર ઉઠી પ્રત્યેક પરિજનને પોતાના જીવનમાં ધારણ કરવું જોઈએ.

જૌનપુરના વિશાળ ૨૫૧ કુંડી ગાયત્રી મહાયજ્ઞ ૧૪ થી ૧૭ ડિસેમ્બર-૨૦૦૭ની તારીખોમાં યોજાઈ ગયો. એના સંચાલન માટે શાંતિકુંજથી શ્રી નમોનારાયણ પાંડેની ટોળી પહોંચી હતી. સ્થાનિક નગર પાલિકા અધ્યક્ષ શ્રી દિનેશ ટંડનના વિશેષ સહયોગથી વીરાન યજ્ઞ સ્થળને કાર્યક્રમની ગરીમા અનુરૂપ ખૂબ જ સુંદર તથા સજાવવામાં આવ્યું હતું. એના સિવાય ટી.ડી.કૉલેજના પ્રબંધક શ્રી અશોક સિંહ, પૂર્વ ન્યાયાધીશ શ્રી સી.પી.મિશ્રા વગેરે ગણમાન્યોની ઉપસ્થિતિ રહી. યજ્ઞ સંયોજક શ્રી દેશબંધુ પદ્માકર મિશ્ર, શ્રીમતી શિવકુમારી મિશ્રા, ડૉ.શ્યામ નારાયણ મિશ્ર, સફળતામાં મુખ્ય યોગદાન આપ્યું. વારાણસીના શ્રી રામનગીનાજીનો ઉલ્લેખનીય સહયોગ રહ્યો.

શાંતિકુંજથી આદરણીય ડૉ.પ્રણવ પંડ્યાજીની ટોળી તા-૧૬ ડિસેમ્બરના દિવસે જૌનપુર પહોંચી. તેમણે સર્વપ્રથમ સ્થાનીય કાર્યકર્તાઓ સાથે મુલાકાત કરી ક્ષેત્રીય પ્રગતિ તથા સક્રિયતાના સમાચાર જાણ્યા. એમની સાથે આત્મીયતા તથા સ્નેહ મેળવીને પરિજનો ધન્ય થયા.

આદરણીય ડૉ.સાહેબે પોતાનો પ્રથમ સંદેશ ૫૧ હજાર દીપકોની સાથે યોજાયેલ દીપયજ્ઞના અવસર પર આપ્યો. આ અવસર પર પ્રગટાવેલ દીપમાળાઓની છટા જોવા જેવી હતી. આગામી દિવસે પૂર્ણાહુતિની મંગળ વેળા તેમણે ગાયત્રી ચેતનાને જીવનનું અભિન્ન અંગ બનાવવાની પ્રેરણાની સાથે ઉપસ્થિત સમસ્ત યાજકો-શ્રોતાઓને દીક્ષા સંસ્કાર કરાવ્યા. આ અવસર પર તેમણે દેવ સંસ્કૃતિ વિશ્વવિદ્યાલયની વિદ્યા વિસ્તાર યોજનાની વિસ્તારથી જાણકારી આપી.


### ફૉર્મ-૪

| | |
|---|---|
| પ્રકાશન સ્થળ | -હરિદ્વાર |
| પ્રકાશનનો સમયગાળો | -પાક્ષિક |
| પ્રકાશકનું નામ | -શૈલબાળા પંડ્યા |
| પ્રકાશકનું સરનામું | -શાંતિકુંજ, હરિદ્વાર |
| શું ભારતીય નાગરિક છે? | -હા ભારતીય |
| મુદ્રકનું નામ | -શાંતિકુંજ, હરિદ્વાર |
| તંત્રીનું નામ | -વીરેશ્વર ઉપાધ્યાય |
| તંત્રીનું સરનામું | -શાંતિકુંજ, હરિદ્વાર |
| શું ભારતીય નાગરિક છે? | -હા ભારતીય |
| એ વ્યક્તિઓના નામ તથા સરનામા જે આ સમાચાર પત્રના માલિક હોય તથા સંપૂર્ણ મૂડીના એક ટકાથી વધુ ભાગીદાર હોય | યુગચેતના ટ્રસ્ટ શાંતિકુંજ, હરિદ્વાર |

હું શ્રીમતી શૈલબાળા પંડ્યા પ્રતિજ્ઞા પૂર્વક જાહેર કરું છું કે મારી વધુમાં વધુ જાણકારી તથા વિશ્વાસના આધારે ઉપરોક્ત માહિતી સાચી છે.

તા-૨૧-૦૩-૨૦૦૮ પ્રકાશકની સહી

શ્રીમતી શૈલબાળા પંડ્યા


**ઈર્ષ્યા અને દ્વેષની આગમાં બળવા વાળા પોતાના માટે સૌથી મોટો શત્રુ છે.**